ગાંધીનગર સમાચાર

# ડીસામાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા ઉલ્લાસપૂર્વક નીકળી

ડીસા, તા. ૬

ડીસામાં પરંપરાગત રીતે અષાઢી બીજ નિમિત્તે નીકળતી ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા નિમિત્તે સવારે ભગવાનની આંખોથી પાટા ખોલી માલપુવા, કોળા ગવારનું શાક અને ખીચડીનો પ્રસાદ ધરાવી મંગળા આરતી કરવામાં આવી હતી અને ત્યાર બાદ રથયાત્રાને જય રણછોડ માખણ ચોરના ગગનચુંબી નારા સાથે ભાવીકોએ પ્રસ્થાન કરાવ્યું હતું. જેનાથી સમગ્ર ડીસા પંથક ભક્તિના રંગે રંગાયું હતું.

અષાઢી બીજ નિમિત્તે ડીસા શહેરમાં ભગવાન જગન્નાથજીની ૧૮મી રથયાત્રા બુધવારે બપોરે ૨ વાગ્યે રામજી મંદિરેથી નીકળી હતી. રથયાત્રા દરમિયાન ૨૦૦ મણ પ્રસાદ સાથે વિવિધ શુશોભિત રથ સાથે ભાવિકોએ રથને પોતાના હાથોથી દોરી વડે ખેંચી પોતાની ભગવાન તરફની ભક્તિ અને પ્રેમને અભિવ્યક્ત કર્યો હતો. બપોરે ૨ કલાકે ભગવાન જગન્નાથ, બહેન શુભદ્રાજી અને ભાઈ બલરામના રથ સાથે રથયાત્રામાં ઘોડા, ઊંટગાડીઓ, જીપો, ટ્રેક્ટરો, ટ્રકો, બેન્ડ, ડી.જે. અને નાસીક ઢોલ, શરણાઈ, નટના ખેલ અને અખાડાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. રથયાત્રા માટે શુભાષચંદ્ર બોઝ સેવા સમિતિ દ્વારા ભવ્ય તૈયારીઓ અને આયોજન પણ કરાયું હોઈ આ રથયાત્રા નયનરમ્ય બની હતી. આ રથયાત્રામાં વિવિધ ઐતિહાસિક ઝાંખીઓ અને નાના ભુલકાઓની વેશભૂષા તેમજ ભજન મંડળી અને ધાર્મિક સંસ્થાઓના ટેબ્લો અનોખુ આકર્ષણ ઉભુ કરતા લોકોએ આ રથયાત્રાને મનથી જોઈ માણી ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ રથયાત્રા દરમિયાન સમિતિ તરફથી મગ, ચણા, કેરી, જાંબુ, કાકડી અને દાડમ, સાકરીયા વગેરે મળી કુલ ૨૦૦ મણ જેટલો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો તેમજ આ યાત્રા રામજી મંદિર, રીસાલા ચોક, એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલ, અંબિકા ચોક, લાયન્સ હોલ, બગીચા, ફૂવારા સર્કલ, ભગવતી ચોક, લેખરાજ ચાર રસ્તા, ગાંધીચોક થઈ નીજ મંદિરે પરત ફરી હતી.



# પાલનપુરમાં ભગવાન જગનનાથની ભવ્ય રથયાત્રા સંપન્ન

પાલનપુર, તા.૬

અષાઢી બીજ ના રોજ જીલ્લા મથક પાલનપુર શહેરમાં ભગવાન જગનનાથની ભવ્ય રથયાત્રા નીકાળવામાં આવી હતી નવાબી સમય થી પાલનપુર ના પથ્થર સડક રામજી મંદિર થી પરંપરાગત નીકળવામાં આવશે.

જોકે છેલ્લા બે વર્ષ થી પાલનપુર શહેરના પશ્ચિમ વિસ્તાર ના લોકો ની માંગણી લઈને શ્રી રામ સેવા સમિતિ દ્વારા ભગવાન જગનનાથ ની ભવ્ય રથયાત્રા ની રૂટ માં પ્રથમ વાર ફેરફાર કરવામાં આવ્યો હતો

અષાઢી બીજ ના દિવસે સવારે નવ વાગ્યે રામજી મંદિર થી ભગવાન જગનનાથ રથ યાત્ર પ્રસ્થાન થઈ હતી પાલનપુર શહેર ના પૂર્વ વિસ્તાર પરિભ્રમણ કરી બપોરે શહેરના પશ્ચિમ વિસ્તાર ગણાતા ગઠામણ દરવાજા, ઈદગાહ રોડ, અંબિકાનગર, લક્ષ્મીપુરા, કૈલાશનગર, સરકારી વસાહત, અરોમા સર્કલ, હનુમાન ટેકરી, સુખબાગ રોડ, ઢુંઢીયાવાડી વિસ્તાર થઈ કોઝી થી પૂર્વ વિસ્તાર માં ફરી નિજ મંદિર માં પરતફરી હતી ઠેર ઠેર રથયાત્રા નું સ્વાગત કરવામાં આવ્યું હતું જુના લક્ષ્મીપુરા ખાતે ભગવાન ની રથયાત્રા નું મામેરું અને ભાવિકો ને ભોજન પ્રસાદ નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું

આ વખતે ભગવાન જગનનાથ ની રથયાત્રા દશ કિલોમીટર સુધી શહેર ના રાજમાર્ગો પર જુદી જુદી ઝાંખીઓ, આદિવાસી નૃત્ય, હાથી, ઘોડા, બગીઓ તેમજ ભગવાનના ત્રણ રથ સાથે ભવ્ય રથયાત્રાઆયોજન કરવામાં આવ્યું હતું જેમાં દર વર્ષે ફણગાવેલા મગ, જાંબુ તેમજ કાકડીની પ્રસાદી અપાય છે. રથયાત્રા દરમિયાન ૬૦૦ કિલો મગ.તેમજ ૩૦૦ કિલો જાંબુ અને ૨૦૦ કિલો કાકડી રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથવજીની પ્રસાદી તેમજ દર્શન માટે ધર્મપ્રેમી જનતાને લાભ લીધો હતો.



# ખેડબ્રહ્મામાં ભગવાનના દર્શને માનવ મહેરામણ ઉમટી પડ્યું

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મામાં બુધવારના રોજ ભગવાન જગન્નાથની ૨૯મી રથયાત્રા દબદબાભેર શહેરમાં નીકળી હતી. જેમાં હજારો શ્રધ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા ઉમટી પડયા હતા.

ખેડબ્રહ્મામાં ઠાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા રથયાત્રા કાઢવામાં આવે છે. રથયાત્રા નીકળતા પહેલા સવારે મંદિરમાં ભગવાનની પૂજા કરી મંદિર પર હસમુખભાઈ તુલસીદાસ મોદી પરિવાર તથા લખુભાઈ અટારા પરિવાર દ્વારા ધજા ચડાવવામાં આવી હતી. ત્યારબાદ ભગવાન શણગારેલા રથમાં બેસી નગર પરિક્રમાએ નીકળ્યા હતા. રથયાત્રાના માર્ગપર વિવિધ સેવા સ્ટોલ દ્વારા ભકતોને આઈસ્ક્રીમ, ડ્રાયફ્રૂટ શિરો, છાસ, ઠંડા પાણી સહિત અનેક વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. રથયાત્રામાં વનવાસી ભાઈઓના શણગારેલા ઢોલ, ઘોડા, ટ્રેક્ટરોએ આકર્ષણ જમાવ્યુ હતું. રથયાત્રામાં જોડાનાર ભકતોને ફણગાવેલા મગ અને જાંબુનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. રથયાત્રા મંદિરથી નીકળી જૈન દેરાસર, પટેલફળી, બ્રહ્માજી ચોક, બસ સ્ટેશન, હનુમાનજી મંદિર થઈ શ્રીયાદે ચોક, પેટ્રોલપંપ થઈ મોસાળમાં હસમુખભાઈ તુલસીદાસ મોદીના ઘરે પહોંચી હતી. જયાં ભગવાનની પૂજા આરતી કરી મામેરુ ભરવામાં આવ્યુ હતું. મામેરામાં ભકતોએ ભારે ઉત્સાહ સાથે દાન કર્યુ હતું. સાંજના સમયે રથયાત્રા મોસાળમાંથી નીકળી લક્ષ્મીપુરા ચાર રસ્તા થઈ સુથાર ફળી થઈ નિજ મંદિર પરત ફરી હતી. રથયાત્રામાં અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# પ્રાંતિજ ખાતે કુદરતી ઉપચાર પદ્ધતિ દ્વારા સાંધાના દુઃખાવાનો સફળ કેમ્પ

પ્રાંતિજ, તા. ૬

નીમા ફાઉન્ડેશન, ગાંધીનગરના સૌજન્યથી તા. ૩-૭-૨૦૧૬નેરવિવારે પટેલવાડી, પ્રાંતિજ ખાતે હોલિસ્ટ્રીક હીલર નટુભાઈ પટેલનો કુદરતી સારવાર પદ્ધતિ દ્વારા સાંધાના દુઃખાવાનો વિના મુલ્ય કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં હોલિસ્ટિક હીલર સર્વ નટુભાઈ પટેલ (યુએસએ) કુદરતી ઉપચાર પદ્ધતિ દ્વારા ઢીંચણ, સાંધા, કમર, ખભા અને એડીના દુઃખાવાના દર્દીઓને સારવાર આપવામા આવી હતી. આ કેમ્પમાં સ્વામી શ્રી સદાનંદ ભારતી, ગોવિંદભાઈ પ્રજાપતિ, કનુભાઈ પ્રજાપતિનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. કેમ્પમાં કાંતિભાઈ પટેલ (એડવોકેટ) દ્વારા ૩૦ ઉપરાંત ઢીંચણ માટેના મેગ્નેટીક હીલીંગ બેલ્ટનું દર્દીઓને વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં હાજર ૨૫૦ ઉપરાંત ગ્રામવાસીઓ દર્દીઓને જુદા જુદા સાંધાના દુઃખાવાનો ઉપચાર કઈ રીતે કરવો તેની નટુભાઈએ વિગતવાર સમજણ આપી હતી. જુદા જુદા દુઃખાવામાંથી બચવા માટે 'તમે તમારા પોતાના જ ડૉક્ટર બનો' તે બાબતે વિસ્તારથી સમજણ આપવામાંઆવી તથા વિવિધ ઉપાયો કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કેમ્પના સફળ આયોજનમાં સ્થાનિક આગેવાનો સર્વ ઈશ્વરભાઈ પટેલ, મનુભાઈ પટેલ અને હીરાભાઈ પટેલે પોતાનુંઅનન્ય યોગદાન આપ્યું હતું. કાર્યક્રમ સફળ સંચાલન-સંકલનમાં સાંકાભાઈ પટેલ અને કે.પી. પટેલ સતત મદદરૂપ રહ્યા હતા.





ખેડા જિલ્લાના યાત્રાધામ ડાકોર ખાતે ૨૪૪મી રથયાત્રાનો પ્રારંભ થયો હતો. રથયાત્રાને લઈને આજે વહેલી સવારે મંગળા આરતી બાદ શ્રીજીને બાળભોગ, શણગાર ભોગ અને ગોવાળ ભોગ સહિતના ભોગો ધરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ નીજ મંદિર ખુલ્યા બાદ આરતી કરી મંદિરના સેવકોએ ભગવાનના રથની પૂજા કરી હતી અને ત્યારબાદ મંદિરની પ્રદક્ષિણા કરી ગોપાલલાલજી રથમાં બિરાજમાન થઈને બહાર આવ્યા હતા. ત્યારે ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ જય રણછોડ... માખણચોરના નાદથી વાતાવરણને ગુંજવી મૂક્યું હતું.

# મોડાસામાં જગતના નાથ જગના દર્શને નીકળ્યા

## જગન્નાથજી ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી : નગરજનોની ભારે ભીડ : ઠેર-ઠેર અગ્રણીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યું : વેશભુષામાં સજજ બાળકો તેમજ અખાડાના કરતબો આકર્ષણનું કેન્દ્ર બન્યા : ૧૦૦૦ વૃક્ષોના રોપાનું વિતરણ

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે ભગવાન જગન્નાથ યાત્રાની ભવ્યતીભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ૩૪મી રથયાત્રા મોડાસા શહેરના માર્ગો પર દબદબાભેર નીકળી હતી. ભગવાન બાલકદાસજીના નિજ મંદિરેથી નીકળેલી રથયાત્રામાં ભજન મંડળીઓ, બેન્ડવાજા, ઢોલી, પાંચ રાજ્યના લોક સાંસ્કૃતિક નૃત્યો સાથે તેમજ વિવિધ સમાજને ઉપદેશ આપતા ટેબ્લોએ આગવુ આકર્ષણ જમાવ્યુ હતુ. નિજમંદિરેથી નિયત સમયે નીકળેલી રથયાત્રામાં આશરે ૨.૫ કિલોમીટર સુધી લાંબી રથયાત્રામાં અરવલ્લી જિલ્લાના ભક્તજનો અને અગ્રણીઓ જોડાયા હતા. મુસ્લિમ સમાજના બિરાદરોએ ચાર રસ્તા પહોંચેલી શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કર્યુ ત્યારે કોમી-એકતાના દર્શન થયા હતા. ઉપસ્થિત હાજર શ્રદ્ધાળુઓ જગન્નાથના નાદ સાથે જયકારો બોલાવતા ઝુમતા નજરે પડતા હતા. જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ, જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોર અને રથયાત્રા સમિતિ પ્રમુખ નિલેષ જોષીએ રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

મોડાસા શહેરમાં રથયાત્રા ઉત્સવ સમિતિ મોડાસા અને શ્રદ્ધાળુઓ દ્વારા ૩૪મી રથયાત્રામાં ભગવાન જગન્નાથને રથમાં બેસાડીને શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. મોડાસા શહેરની શેરીએ-શેરીએ જગતના નાથ જગના દર્શનાર્થે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને મોડાસા શહેરના રથયાત્રા માર્ગ પર ભાવિ ભક્તોએ રથયાત્રામાં જોડાયેલા ભક્તજનો માટે લિંબુ-શરબત, ચા-પાણી, પાણીના પાઉચ, ગ્લુકોઝ બીસ્કીટની વ્યવસ્થા કરી હતી. મોડાસા શહેરમાં ઉમટી પડેલા શહેરીજનો અને અરવલ્લી જિલ્લાના પ્રજાજનોએ ભગવાન જગન્નાથના દર્શન કરી મગ, જાંબુનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

મોડાસા શહેરના ચાર રસ્તા નજીક રથયાત્રા પહોંચી ત્યારે મોડાસા શહેર ભક્તિમય માહોલ અને જય જગન્નાથના નાદથી ગુંજી ઉઠ્યું હતું. મોડાસાના મુસ્લિમ બિરાદરોએ રથયાત્રા સમિતિના પ્રમુખ નિલેષભાઈ જોષીનું સ્વાગત કર્યું હતું. રથયાત્રા સમિતિ દ્વારા મુસ્લિમ બિરાદરોને આવકાર્યા હતા તેમજ ચાર રસ્તા મોડાસા શહેરમાં વિવિધ સમાજ સાથે જોડાયેલી સંસ્થાઓના અગ્રણીઓને મોમેન્ટોથી નવાજવામાં આવ્યા હતા. આ સમારોહમાં રાજ્યસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રી, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, નગરપાલિકાના પ્રમુખ વનીતાબેન પટેલ, માજી ધારાસભ્ય દીલીપસીંહ પરમાર, જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કમલેન્દ્રસીંહ પુવાર, જિલ્લા સહકારી સંઘના પ્રમુખ પ્રભુદાસ પટેલ તેમજ મુસ્લિમ સમાજના અગ્રણીઓ દાઉદ પહોચીયા, ઈકબાલ ઈપ્રોલીયા, અપ્સર ચીસ્તી, જાકીરભાઈ, રાજુ કાડીયાવાડી, મહિલા અગ્રણી રૂકસાનાબેન તેમજ શાંતિ સમિતિના સદસ્યો હાજર રહ્યા હતા.





### અમી છાંટણા ન થતા ભગવાન કોરા રહી ગયા

આજે અષાઢી બીજે જગતના નાથ ભગવાન જગન્નાથજી સ્વયં નગરચર્યાએ નીકળ્યા હતા. તેમ છતાં વરસાદ દેવ ઈન્દ્રનું ધરતી પર આગમન ન થતા ભગવાનને પણ કોરૂ કોરૂ જ રહેવુ પડ્યું હતુ. મોડાસા રથયાત્રામાં અસહ્ય બાફ અને ગરમીનું પ્રમાણ પણ વધુ હોવા છતાં શ્રદ્ધાળુઓ ઉમળકાભેર રથયાત્રામાં જોડાયા હતા અને મોડાસા શહેરના માર્ગો 'જય રણછોડ માખણ ચોરના' જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા.

### મોડાસામાં ૩૪મી રથયાત્રામાં સૌપ્રથમ વાર મોસાળુ ભરવામાં આવ્યુ

મોડાસા શહેરમાં ૩૪ વર્ષથી લગાતાર રથયાત્રા ઉત્સવ સમિતિ દ્વારા ભવ્યાતિભવ્ય રથયાત્રા મોડાસા શહેરના માર્ગો પર નીકળે છે. દરેક રથયાત્રામાં મોમેરૂ ભરાતુ હોય છે. ત્યારે મોડાસા શહેરમાં ૩૪મી રથયાત્રામાં સૌ પ્રથમ વખત ભાવસારવાડામાં મોમેરૂ ભરવામાં આવ્યું હતું. ભાવસારવાડા ચોકથી નિજ મંદિર મંગળવારે સાંજના સુમારે મોમેરૂ લઈ જઈ નિજ મંદિરમાં ભગવાન જગના નાથના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યું હતું. કિરણાબેન ભાવસારના જણાવ્યા અનુસાર મામેરામાં ભગવાનના વસ્ત્રો, આભુષણો, ફળફળાદી, ચોકલેટ, સુકોમેવો વગેરે જેવી ચીજવસ્તુઓ ભગવાનને ભેટ ધરી હતી.

# ઈડરમાં ભગવાન જગન્નાથની ૧૮મી રથયાત્રા નીકળી

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે બુધવારે અષાઢી બીજ નિમિત્તે ભગવાન જગન્નાથની ૧૮મી રથયાત્રા નીકળી હતી. જેમાં સંતો, મહંતો, ભજન મંડળીઓ તથા અખાડીયનોએ આકર્ષણ જમાવ્યુ હતું. દર વર્ષની જેમ આ વર્ષેપણ અષાઢી બીજ નિમિત્તે ઈડર નગર ઉત્સવ સમિતિ દ્વારા રથયાત્રાનું આયોજન કરાયુ હતું. સવારે ૯ વાગ્યે રાધાકૃષ્ણ મંદિરથી રથયાત્રાનું પ્રસ્થાન કરાવાયુ હતું. રથયાત્રામાં ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી રથમાં બેસી શહેરના પરિક્રમાએ નીકળ્યા ત્યારે રોડ પરના માર્ગો જય જગન્નનાથ, જય રણછોડના નારાઓથી ગૂંજી ઉઠયા હતા. રથયાત્રામાં અખાડીયનોએ વિવિધ કરતબો દેખાડયા હતા.

# મોડાસા ખાતે પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ

અરવલ્લી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને કલેકટરના સભાખંડમાં પરીક્ષા સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં પુરક પરીક્ષા જુલાઈ-૨૦૧૬ની એસ.એસ.સી. તેમજ એચ.એસ.સી. સાયન્સ માટેની પરીક્ષા યોજનાર છે. આ બેઠકમાં પરીક્ષા કેન્દ્ર કક્ષાએ કાયદો તેમજ વ્યવસ્થા અંગે તેમજ પરીક્ષા સ્થળે સ્થાનિક સ્કોવોર્ડની વિશેષ વ્યવસ્થા તેમજ પરીક્ષા સંબંધિત જરૂરી જાહેરનામા બહાર પાડવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

# ટીંટોઈ બ્રિજ નજીક ટ્રકે એસટીને અડફેટે લેતા ૧નુ મોત : ૭ ઈજાગ્રસ્ત

## અકસ્માતના પગલે રોષે ભરાયેલા ટોળાનો મોડાસા-શામળાજી હાઈવે ચક્કાજામ : ટોળાને વિખેરવા ૩ ટિયરગેસ છોડાયા : પોલીસે ૧૫ સામે રાયોટીંગનો ગુન્હો દાખલ કર્યો

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી રાજ્ય ધોરી માર્ગ પર આવેલા ટીંટોઈ બ્રિજ નજીક સોમવારે સાંજના સુમારે ટ્રક અને એસટી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એસ.ટી. ચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. બસમાં મુસાફરી કરી રહેલા બે વિદ્યાર્થીઓ સહિત ૭ મુસાફરોને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ટ્રકની ટક્કરે બસ બહોળી વળી ગઈ હતી.

અકસ્માતના પગલે દોડી આવેલા ટીંટોઈ ગામના ગ્રામજનોએ હંગામો મચાવી ટ્રાફિક જામ કરી હાઈવે એમ્બ્યુલન્સના કાચ તોડી નાખી ટોળાએ આક્રમક સ્વરૂપ ધારણ કરતા મોડાસા ડીવાયએસપી કે.એફ. બડોલીયા સહિત ૧૦ પોલીસ જીપો સાથે પોલીસ કાફલો ખડકી દઈ રસ્તામાં ચક્કાજામ કરેલા ટોળાને સમજાવાનો પ્રયાસ કરતા વાત વણસી હતી અને ટોળા દ્વારા પથ્થરમારો કરાતા ઘટનાસ્થળે નાસભાગ મચી હતી. પોલીસે ટોળાને કાબુમાં લેવા લાઠીચાર્જનો ઉપયોગ કર્યા બાદ પરિસ્થિતિને ઠાળે પાડવા ૩ ટીયરગેસ છોડાતા ટોળા વિખેરાયા હતા. મોડાસા રૂરલ પોલીસે ૧૫ વ્યક્તિઓ સામે રાયોટીંગનો ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.



ટીંટોઈ બસસ્ટેન્ડ નજીક મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર બ્રિજ બનાવવામાં આવ્યો છે. સોમવારે સાંજના ૭ વાગ્યાના સુમારે બોડેલીથી શામળાજી તરફ જતી બસ (નં. જીજે૧૮વાય-૮૯૧૨)ના ડ્રાયવરે બસસ્ટેન્ડ પર મુસાફરો ઉતારી શામળાજી રોડ તરફ બ્રિજ ચડી રહી હતી ત્યારે રાજસ્થાન તરફથી પુરઝડપે આવી રહેલી ટ્રક (નં. એચઆર૫૫.ક્યુ-૩૩૧૪)ના ચાલકે બેફામરીતે હંકારી બસને અથડાવી દેતા જોરદાર ધડાકાભેર અવાજ સાથે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતથી બસ રોડ સાઈડ ઉતરી પડી હતી. જ્યારે ટ્રક માર્ગ પર પલટી ખાઈ ગયો હતો. આ અકસ્માતમાં એસ.ટી. ચાલકનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે મોડાસાથી અભ્યાસ કરી ઘરે જઈ રહેલા હાર્દિક અને સુરેશ નામના બે વિદ્યાર્થીઓ સહિત ૭ મુસાફરોને ઈજાઓ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે મોડાસા દવાખાને ખસેડાયા હતા.

અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ બ્રિજ નજીક વારંવાર થતા અકસ્માત અટકાવવા ટ્રાફિક જામ કરાતા અને રોડ પર ચક્કાજામ કરતા પોલીસ અને ટોળા આમને સામને આવી ગયા હતા અને અકસ્માત અટકાવવા બમ્પ બનાવવા હઠાગ્રહ ચાલુ રાખઈ હાઈવે બંધ કરાવી દેતા પોલીસ પર પથ્થરમારો અને લાકડીઓ વડે ગેરકાયદેસર મંડળી રચી હુમલો કરતા અને હાઈવે એમ્બ્યુલન્સમાં તોડફોડ મચાવતા તાત્કાલિક બમ્પ બનાવવાની માંગણી કરી ૧૫ જેટલા શખ્સોએ સામાન ઈરાદાઓ પાર પાડવા ગેરકાયદેસર મંડળી રચી એકબીજાની ઉશ્કેરણી કરી હાઈવે પર ચક્કાજામ કરતા પોલીસ અને ટોળા વચ્ચે ઘર્ષણ થયુ હતુ. બેકાબુ બનેલા ટોળાને કાબુમાં લેવા પોલીસે ૩ ટીયરગેસ સેલનો મારો ચલાવતા ટોળુ વિખેરાઈ ગયુ હતુ અને ટ્રાફિક પૂર્વરત કરાયો હતો. મોડાસા રૂરલ પોલીસે ૧૫ વ્યક્તિઓ સામે રાયોટીંગનો ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.